# માછીમારોને ૩ જુવાળમાં ૧૦૦ કરોડની આવક

## બજારમાં હિલ્સા માછલીની આવક થતાં માછીમારને ઘર આંગણે ઘરાકી : માછીમારો ચોથા જુવાળ માટે નિકળ્યાં

અમદાવાદ, તા.૩૦

ભરૂચનાં શુક્લતીર્થથી હાંસોટ સુધીના પટમાં આવેલાં નર્મદા નદી કિનારે વસતા માછીમાર સમાજના પરિવારોનું જીવન ચોમાસાની ઋતુમાં આવતી હિલસા માછલીના શિકાર પર નિર્ભર હોય છે. ત્યારે હાલમાં ભરૂચનાં જિલ્લામાં પાંચ હજારથી વધુ માછીમારો ૧૫૦૦થી વધુ બોટ લઈને દરિયામાં ગયાં છે. છેલ્લાં ત્રણ જુવાળમાં માછીમારોને ૧૦૦ કરોડની વધુનો વેપલો થયો છે. ત્યારે હાલમાં ચોથા જુવાળમાં તેઓને ૨૦થી ૩૦ કરોડની આવકની આશા બંધાઈ છે. ભરૂચના નર્મદા નદી કિનારે વસતાં માછીમાર સમાજના પરિવારો ચોમાસાની ઋતુમાં હિલસા માછલીનો શિકાર કરી આખા વર્ષની આજીવિકા મેળવે છે. જેમાં તેમના પરિવારની રોજીંદી જરૂરિયાતો સહિત બાળકોના શિક્ષણ, લગ્ન-મરણના પ્રસંગો સહિતના તમામ ખર્ચાઓ હિલસાની માછીમારીથી મેળવે છે.નર્મદા ડેમમાંથી છેલ્લાં કેટલાંક વર્ષોથી પાણીની આવક બંધ થતાં સાગર ખેડૂઓની આજીવિકાનો પ્રશ્ન સર્જાયો હતો. જો કે, આ વર્ષે ડેમમાંથી પાણી છોડાતાં



સાગરખડૂઓ હરખાયાં છે. આ વર્ષે માછીમારોએ પહેલાં ત્રણ જુવાળમાં દરિયો ખેડતાં ૧૦૦ કરોડથી વધુની આવક મેળવી છે. જ્યારે હાલમાં અમાસની ભરતી હોઈ હાલમાં પાંચ હજારથી વધુ સાગરખેડૂઓ ૧૫૦૦થી વધુ બોટ લઈને દરિયામાં ગયાં છે. છેલ્લા ત્રણ જુવાળમાં સારી આવક થઈ હોવાને કારણે અમાસની મોટી ભરતીમાં માછીમારોને રૂ.૨૦થી ૩૦ કરોડની આવક થાય તેવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. હિલસા મચ્છી ખારા પાણીમાંથી મીઠાં પાણીમાં ઈંડાં મૂકવા આવતી હોય છે. જો કે, ડેમના દરવાજા લાગ્યા બાદથી ડેમમાંથી પાણી જ નહીં જોડાતાં નર્મદા નદી સુકીભઠ્ઠ થઈ ગઈ હતી. જેના કારણે હિલસા માછલીની આવક ઘટી ગઈ હતી. જો કે, આ વર્ષે ડેમમાંથી પાણી છોડવામાં આવી રહ્યું હોઈ છેલ્લાં ત્રણ જુવાળ માછીમારો માટે સારા નીવડ્યાં હતાં. ખારા પાણીની હિલસા મચ્છી માત્ર ઈંડાં મૂકવા માટે મીઠા પાણીમાં આવતી હોય છે. નદીના પાણી દરિયામાં ભળે ત્યારે મીઠા પાણીના સ્ત્રોતને પકડી હિલસા મચ્છી નદીમાં આવતી હોય છે. નર્મદા નદીમાં ગત વર્ષે પાણી નહીં છોડાતાં દરિયાના ખારા પાણી ઝણોર સુધી પહોંચી જતાં નદીના મીઠા પાણી દરિયામાં નહીં ઠલવાતાં ગત વર્ષે હિલસા મચ્છી મહીસાગર તરફ ફંટાઈ ગઈ હતી.

# માટીની મૂર્તિઓનું સ્થાપન કરી પર્યાવરણ રક્ષામાં ફાળો આપીએ...

ગાંધીનગર, તા. ૩૦

"... ગણપતિ બાપ્પા મોર્યા..." ગણપતિની ઉજવણીનો માહોલ જામતો જાય છે... ગણેશ ચતુર્થીની ઉજવણીના ઉલ્લાસ વચ્ચે ક્યાંક વાંચ્યું... બજારોમાં ગયા વર્ષે વિસર્જીત થયેલી મૂર્તિઓને રંગરોગાન કરી તેને પુનઃ વેચાણ કરી ભાવિકોની આસ્થા સાથે ચેંડા કરવામાં આવી રહ્યા છે. પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિઓ પાણીમાં ઓગળતી નથી... સાથે જ પાણીને દૂષિત પણ કરે છે. નદીઓમાં આપણે વિના રોકટોક પ્રદૂષિત અને ગંદુ ગટરનું પાણી ઠાલવીએ છીએ અને એ જ પાણીમાં ગણપતિજીની મૂર્તિઓનું વિસર્જન કરી વધુને વધુ પ્રદૂષણ ફેલાવવા જવાબદાર બનીએ છીએ. પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિઓના સ્થાને માટીની મૂર્તિઓનો ઉપયોગ કરવામાં આવે અને તેનુ વિસર્જન ઘરમાં જ કે નદી, તળાવોમાં કરવામાં આવે તો પાણીને પ્રદૂષિત કરવામાં આપણે જવાબદાર ન બનીએ.

છેલ્લા કેટલાક વર્ષોમાં ગણેશ ચતુર્થીનુ મહત્વ વધતુ જાય છે. વર્ષો અગાઉ મહારાષ્ટ્રમાં શરૂ થયેલા ગણેશ મહોત્સવે હવે ગુજરાતમાં પણ સારી એવી નામના ફેલાવી છે. ઘેર ઘેર બે, ચાર કે આઠ દિવસના ગણેશજી બેસાડી સવાર-સાંજ પૂજા-આરતી થાય છે. વળી સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન ઠેર ઠેર કરવામાં આવે છે. નો ડાઉટ આપણી પ્રજા ઉત્સવપ્રિય છે. ગણેશોત્સવ થવા જ જોઈએ પરંતુ આપણી જવાબદારી એ છે આવા મહોત્સવો-ઉત્સવો બાદ પ્રદૂષણ ન ફેલાય... કચરો-ગંદકી ન થાય.

મોટાભાગની મૂર્તિઓ જેમાંથી બનાવવામાં આવે છે તે પ્લાસ્ટર ઓફ પેરીસ કુદરતી રીતે બનતા પદાર્થોનું નથી. તે ખરેખર કેલ્શિયમ સલ્ફેટ હેમી હાઈડ્રેટ છે. આ મૂર્તિઓ પાણીમાં સંપૂર્ણ ભળતા વર્ષો લાગે છે. વળી તેના પર જે રંગરોગાન કરવામાં આવે છે તેમાં સીસુ અને પારો ભરપુર હોય છે. જે પાણીને પ્રદૂષિત કરે છે. વળી મૂર્તિઓની સાથે પાણીમાં પોલિથિનની બેગમાં ફૂલો, ફળો, ધૂપ વગેરે પણ વિસર્જીત કરાય છે જે આપણી જળસંપતિ માટે હાનિકારક પુરવાર થાય છે.

પૃથ્વીને બચાવવી આપણી ફરજ છે. પર્યાવરણ પ્રત્યે દુષ્કાળજી રાખવી ગુન્હો છે. માટે જ માટી અથવા અન્ય કુદરતી દ્રવ્યો દ્વારા બનાવેલી મૂર્તિઓનો ગણેશ મહોત્સવમાં ઉપયોગ કરી તેનુ વિસર્જન ઘર આંગણે જ થાય તેવી વ્યવસ્થા જો આપણે ગોઠવી શકીશુ તો પર્યાવરણની સુરક્ષા માટે આપણો ફાળો આપણે ચોક્કસ આપી શકીશુ.

**ટાઈમ પ્લીઝ**

# અમદાવાદ પોલીસ કમિશનર ઓફિસમાંથી બનાવટી આઈપીએસ મહિલાની ધરપકડ

અમદાવાદ, તા.૩૦

અમદાવાદ શહેર પોલીસ કમિશનર ઓફિસમાં આવેલા કંટ્રોલરૂમમાં પરમિશન વગર કોઈપણ વ્યક્તિ પ્રવેશી શકતી નથી છતાં એક મહિલા કંટ્રોલરૂમમાં પહોંચી ગઈ હતી. પોતાને ૨૦૦૨ની બેચની આઈપીએસ ગણાવી પોલીસ કર્મચારીઓને દમ માર્યો હતો. પોલીસકર્મીઓને શંકા જતા તેઓ પાસે આઈકાર્ડ માંગ્યું હતું. જેથી આઈપીએસ પાસે આઈકાર્ડ કેવી રીતે માંગી શકો તેમ કહી ખખડાવ્યા હતા. જો કે, બાદમાં મહિલાનો ભાંડો ફુટતાં આખરે માધવપુરા પોલીસે નકલી આઈપીએસ બની દમ મારનારી આ મહિલાની ધરપકડ કરી હતી. જો કે, નકલી આઈપીએસ બની દમ મારનાર આ મહિલાની હિંમતને લઈને પણ સીપી ઓફિસમાં અને અન્ય પોલીસ વર્તુળમાં ભારે ચર્ચા ચાલી હતી. ગઈકાલે બપોરે શહેરના શાહીબાગ વિસ્તારમાં આવેલી સીપી ઓફિસ ખાતે પોલીસ કંટ્રોલરૂમમાં એક મહિલા આવી હતી. મહિલાએ અન્ય પોલીસકર્મીઓ સાથે બોલાચાલી કરી હતી. પોતે ૨૦૦૨ની બેચની આઈપીએસ અધિકારી છું અને રાજકોટથી અમદાવાદ બદલી થઈ છે. પોલીસકર્મીઓએ આઈકાર્ડ માંગતા આઈપીએસ અધિકારી સાથે તમે આઈકાર્ડ માંગી જ કેવી રીતે શકો, તમને એવી કોઈ સત્તા નથી તેમ કહી દમ માર્યો હતો. પોલીસ કંટ્રોલરૂમના કર્મચારીઓને શંકા જતા તેમણે માધવપુરા પોલીસને જાણ કરી હતી. પોલીસે મહિલાનું નામ પૂછતાં મિનાક્ષી પટેલ (રહે. પારસનગર, નરોડા) હોવાનું જણાવ્યું હતું. મિનાક્ષી આઈપીએસ ન હોવાનું સામે આવતા માધુપુરા પોલીસે તેની સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી. શહેર પોલીસ કમિશનર ઓફિસમાં પ્રવેશ કરતા પહેલા જ ક્યાં જવું છે તેવો સવાલ બહાર ઉભેલા સુરક્ષા ગાર્ડ કરતા હોય છે. ત્યારબાદ મળવા જવા માટે અરજદારોને નોંધણી, ચેકીંગ કરી અંદર જવા દેવાય છે. ઓફિસના મુખ્ય બિલ્ડિંગમાં ગયા બાદ પણ એન્ટ્રી કરાવવામાં આવે છે પછી જે તે અધિકારીને મળવા દેવાય છે.

## બનાસ ડેરીના મુખ્યાલયે "પુસ્તક પરબ" મુકાઈ

આજરોજ બનાસ ડેરીના મુખ્ય બિલ્ડીંગમાં ખેડૂતો, ગોપાલકો, મુલાકાતીઓ માટે ચેરમેન શંકરભાઈ ચૌધરીએ "પુસ્તક પરબ" ખુલ્લી મૂકી હતી. જે રીતે પાણીની પરબમાંથી લોકો પાણી પીને તૃપ્ત થાય છે તે જ રીતે પુસ્તક પરબમાંથી પુસ્તકો વાંચી લોકો જ્ઞાનરૂપી તૃપ્તિ મેળવી શકે એવા ઉમદા ભાવથી આ કાર્ય થયું છે. સ્વામી વિવેકાનંદ, ગાંધીજી, ડૉ. આંબેડકર, અબ્દુલ કલામ જેવા મહાન વિભૂતિઓથી લઈ, જલારામ બાપા, મોરારી બાપુ, મીરાંબાઈ, કૃષ્ણ, રામ, શબરી જેવા સંત-દેવોનાં જીવન ચરીત્રોનો અખૂટ સંગ્રહ આ પુસ્તક પરબમાં છે. વિજ્ઞાન, ધર્મ, સમાજ, આરોગ્ય, રાજનીતિ, રમતગમત, કૃષિ, ગોપાલન દરેક ક્ષેત્રના આ પુસ્તકોનાં જ્ઞાનનો લાભ બનાસ ડેરીની મુલાકાતે આવનાર સૌને થશે તેવો આશાવાદ ચેરમેને સેવ્યો હતો.




**બનાસડેરી દ્વારા દૂધાળા પશુ સહાય અંતર્ગત ચેક અર્પણ**

ગુજરાત સરકારની જિલ્લાના પશુપાલકો ઉત્તમ જાતના પશુઓ રાખીને મહત્તમ દૂધ ઉત્પાદન મેળવે તે માટેની ૧૨ દૂધાળા પશુ ડેરી સહાય યોજના અંતર્ગત આજે બનાસ ડેરી ખાતે ચેરમેન શંકરભાઈ ચૌધરીએ રાધનપુર અને સાંતલપુર તાલુકાના પશુપાલકોને રૂ. ૪૧,૩૭,૧૦૧ની સહાયના ચેકો અર્પણ કર્યા હતા. ૧૨ દૂધાળા પશુ ડેરી સહાય યોજના અંતર્ગત પશુપાલન માટે તબેલા બાંધકામ, પશુ ખરીદી, વિમા પ્રિમીયમ, મિલ્કીંગ મશીન, ચાફ કટર, એનીમલ કુલીંગ સિસ્ટમ યુનીટ વગેરે માટે સહાય આપવામાં આવે છે. જેના કારણે પશુપાલકો ઉત્તમ પ્રજાતિની દેશી ગાયો અને ભેંસો ખરીદીને મહત્તમ દૂધ ઉત્પાદન મેળવીને આર્થિક રીતે પગભર થઈ શકે છે.



**અમાવસ્યા હવનમાં આહુતિ...**

ડીસાના રેલવેસ્ટેશન વિસ્તારમાં આવેલ ગોપાલેશ્વર મહાદેવના મંદિરે શ્રાવણ માસ નિમિતે શિવ ભક્તો દ્વારા પૂજા અર્ચના કરવામાં આવે છે. ત્યારે અમાવાસ નિમિતે ગોપાલેશ્વર માહાદેવના મંદિરે ભક્તો દ્વારા હવન કરવામાં આવ્યો હતો જેમા મોટી સંખ્યામાં નગરજનોએ આહુતિ આપી હતી અને મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ મંદિરનું સંચાલન રમણભાઈ પંચાલ અને અન્ય શ્રદ્ધાળુઓ દ્વારા કરવામાં આવે છે.

## અમરેલીમાં વરસાદી માહોલ યથાવત

અમદાવાદ,તા.૩૦

ગુજરાતના જુદા જુદા ભાગોમાં વરસાદી માહોલ અકબંધ રહ્યો છે. આજે સૌરાષ્ટ્રના અમરેલી પંથકમાં વરસાદ જારી રહ્યો હતો. બીજીબાજુ સુરેન્દ્રનગર અને લીંબડીમાં પણ વરસાદ થયો હતો. આ બંને જગ્યાઓએ પણ ઉલ્લેખનીય વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક રહી હતી. બીજી બાજુ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદે વિરામ લીધો છે. જેથી તંત્રને પણ આંશિક રાહત થઈ છે. આજે સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટા પડ્યા હતા. બીજીબાજુ હવામાન વિભાગના કહેવા મુજબ આગામી પાંચ દિવસ દરમિયાન વરસાદી માહોલ અકબંધ રહી શકે છે. આગામી પાંચ દિવસમાં અમદાવાદ, આણંદ, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, પંચમહાલ, વડોદરા, ભરુચ, વલસાડ, નવસારી અને અન્યત્ર વરસાદ થઈ શકે છે. અમદાવાદમાં પણ આજે વરસાદમાં બ્રેકની સ્થિતિ રહી હતી. અમદાવાદ માટે પણ ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે.

# ધારાસભ્ય કાંતિ પરમાર પર આઠ શખ્સ દ્વારા હુમલો થયો

અમદાવાદ, તા.૩૦

નડિયાદ સેશન્સ કોર્ટ નજીક ઠાસરાના ધારાસભ્ય(કોંગ્રેસ) કાંતિ પરમાર પર આઠ શખ્સોએ જાહેરમાં તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. ડાકોરની ૧૨ વીઘા જમીનના વિવાદ મામલે નડિયાદ સેશન્સ કોર્ટમાં હાજરી આપ્યા બાદ પરત જઈ રહ્યા હતા ત્યારે આ શખ્સો દ્વારા ધારાસભ્ય કાંતિ પરમારની કાર આંતરી જાહેરમાં તેમની પર, તેમના વકીલ અને ડ્રાઈવર પર હુમલો કરવામાં આવ્યો હતો.

જેમાં ધારાસભ્ય કાંતિ પરમાર, વકીલ અને ડ્રાઈવરને ગંભીર ઈજાઓ પહોંચતાં તેઓને નજીકની હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. બીજીબાજુ, આ હુમલાને લઈ રાજયભરમાં ઘેરા પ્રત્યાઘાત પણ પડયા હતા તો, કોર્ટ સંકુલમાં પણ હુમલાને લઈ જોરદાર ચર્ચા ચાલી હતી. આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, નડિયાદ સેશન્સ કોર્ટમાં ડાકોરની ૧૨ વીઘા જમીનના વિવાદ અંગે મુદત હતી. ધારાસભ્ય કાંતિ પરમાર કોર્ટમાં હાજરી આપીને જતા હતા ત્યારે રસ્તામાં ૮ જેટલા શખ્સોએ તીક્ષ્ણ હથિયારથી અચાનક જ હુમલો કર્યો હતો. હુમલાખારોએ કાંતિ પરમારની કારને આંતરી જાહેરમાં જ જોરદાર રીતે ગાડીમાં તોડફોડ મચાવી હતી. હુમલાખોરોએ કારના દરવાજા ખોલી અંદર બેઠેલા ધારાસભ્ય, વકીલ અને ડ્રાઈવરને પણ હુમલાનો ભોગ બનાવ્યા હતા. જેમાં ધારાસભ્યને સામાન્ય ઈજા થઈ હતી પરંતુ કારના ડ્રાઈવર અને વકીલને વધુ ઈજા પહોંચી હતી. હુમલા બાદ તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવને પગલે સ્થાનિક પોલીસ પણ તાત્કાલિક હરકતમાં આવી હતી અને ઘટનાના સીસીટીવી ફુટેજના આધારે આરોપીઓની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા. જો કે, આ પ્રકારે ખુલ્લેઆમ ધારાસભ્ય, વકીલ અને ડ્રાઈવર પર હુમલાને લઈ સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી અને રાજકીય વર્તુળમાં પણ તેના ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. ૨૦૧૭ની ચૂંટણીમાં કોંગ્રેસના કાંતિ પરમારનો ઠાસરા બેઠક પરથી ભાજપના રામસિંહ પરમાર સામે વિજય થયો હતો.

## અદ્ધરતાલ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડામવા તંત્ર દ્વારા અત્યાર સુધી નવી ટાંકી તેમજ પાણીના નવા બોર બનાવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. જયારે બોર તેમજ ટાંકીની કામગીરીના અંતે શહેરી ગામોમાં પાઈપલાઈનનુ કામ હાથ ધરવા માટે પણ આયોજન કરાયુ છે. આ માટે તંત્ર દ્વારા સર્વેના અંતે રીપોર્ટ પણ તૈયાર કરી દેવાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં ટોપોગ્રાફીના લીધે પાઈપલાઈનનુ કામ કરવાનુ વધુ મુશ્કેલ બની રહ્યુ છે. ત્યારે હજુ સુધી પાઈપલાઈનની કામગીરી મંજુર કરવામાં આવી નથી. પાણીની નવી લાઈન નાંખવા માટે અંદાજિત ૫ થી ૭ કરોડનો ખર્ચ થાય તેમ છે. શહેરી વિસ્તારના ગામો પૈકી અમુક વિસ્તારમાં નવી લાઈન નાંખવાની અનિવાર્યતા છે. જયારે પાલજમાં મંજુર કામગીરીના અંતે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. જયારે હાલ આ ટેન્ડર ૧૯ ટકા જેટલુ ઉંચુ આવતા મંજુરીની પ્રક્રીયા અન્વયે છે. શહેરી વિસ્તારમાં પાણીની ટાંકી તેમજ બોરના નિર્માણ બાદ પાઈપલાઈનનુ કામ છેલ્લા ઘણાં સમયથી અધ્ધરતાલ છે. જયારે પાલજમાં પણ ટેન્ડર ઉંચુ આવતા પાઈપલાઈનની કામગીરી ઘોંચમાં પડી છે. શહેર આસપાસના ગામોમાં પાણીના પાઈપલાઈનની ત્વરિત કામગીરી હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

## ઢબુડી માતાએ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગામી તા ૬ સપ્ટેમ્બરના રોજ સુનાવણી હાથ ધરાશે

રૂપાલ ગામના ધનજી ઓડ ઉર્ફે ઢબુડી માતા છેલ્લા કેટલાક સમયથી વિવાદની ચરમસીમાએ છે. વિવાદોમાં સપડાયેલા ધનજી ઓડ ઉર્ફે ઢબુડી માતાએ ગાંધીનગરની કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી છે. બોટાદના ગઢડા સ્વામી નાગજીપરા ખાતે રહેતા ભીખાભાઈ નારણભાઈ માણીયાએ પેથાપુર પોલીસ સ્ટેશનમાં અરજી કરી છે તેમનો જણાંવ્યા મુજબ ઢબુડી માતાના કહેવાથી તેમણે પુત્રની કેન્સરની દવા બંધ કરી હતી જેના લીધે તેમણે પુત્રને ગુમાવાનો વારો આવ્યો છે. આ મામલે પેથાપુર પોલીસે અરજી કરનાર ભીખાભાઈનુ પણ નિવેદન લીધુ છે. આગામી દિવસોમાં આ મામલે પેથાપુર પોલીસ ધનજી ઓડ ઉર્ફે ઢબુડી માતાને સમન્સ જારી કરી પુછપરછ માટે બોલાવશે . આ સ્થિતિનો તાગ મેળવીને ધનજી ઓડે ગાંધીનગર કોર્ટમાં આગોતરા જામીન અરજી રજુ કરી છે. જે અંગે કોર્ટમાં આગામી તા ૬ સપ્ટેમ્બરના રોજ સુનાવણી હાથ ધરાશે.

## મહત્વની ચર્ચા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપવામાં આવી ન હતી. સૂચિત કોરિડોર કન્વર્જ સ્થળ પર આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. અતિઆધુનિક પેસેન્જર ટર્મિનલ બિલ્ડિંગનું નિર્માણ કરનાર લેન્ડપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધિકારીઓ પણ આમા ઉપસ્થિત રહ્યા હતા. પાકિસ્તાન તરફથી આને લઈને હજુ સુધી કોઈપણ ખુલાસો કરવામાં આવ્યો નથી. આ કોરિડોર ગુરદાસપુર જિલ્લામાં ડેરા બાબા

નાયક ધાર્મિક સ્થળ સાથે પાકિસ્તાનમાં કરતારપુરમાં દરબાર સાહેબને જોડશે. સાથે સાથે ભારતીય શીખ શ્રદ્ધાળુઓને વિઝા ફ્રી અવરજવરની સુવિધા મળશે. શીખ શ્રદ્ધાળુઓને કરતારપુર સાહેબ જવા માટે માત્ર એક પરવાનગી લેવાની રહેશે. કરતારપુર સાહેબ શીખ ધર્મગુરુ ગુરુનાનક દેવ દ્વારા વર્ષ ૧૫૨૨માં બનાવવામાં આવ્યું હતું. બંધારણની કલમ ૩૭૦ની નાબૂદી થયા બાદ પાંચમી ઓગસ્ટ બાદ બંને દેશો વચ્ચે આ પ્રથમ બેઠક યોજાઈ છે. વિદેશ કચેરીના પ્રવક્તા મોહમ્મદ ફૈઝલે ગઈકાલે જ કહ્યું હતુ કે, પાકિસ્તાન નવેમ્બર મહિનામાં વડાપ્રધાન ઈમરાન ખાન દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ કરતારપુર સાહેબ કોરિડોરનું ઉદ્ઘાટન કરવા અને તેને પૂર્ણ કરવા માટે કટિબદ્ધ છે. ભારત અને પાકિસ્તાન દ્વારા કોરિડોરને ખોલવાના સંદર્ભમાં ચર્ચા વિચારણા થઈ ચુકી છે. જુલાઈ મહિનામાં બંને દેશોના પ્રતિનિધિમંડળની બેઠક અટારી-વાઘા સરહદ ઉપર યોજાઈ હતી.



**ધોરી પ્રાથમિક શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું**

વડગામ તાલુકાના ધોરી ગામે મુમનવાસ સી.આર.સી. કક્ષાનુ ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયુ હતુ. જેમાં મુમનવાસ ક્લસ્ટરની શાળાઓના બાળ વિજ્ઞાનીઓ તથા માર્ગદર્શક શિક્ષકો દ્વારા વિવિધ કૃતિઓ રજુ કરવામાં આવી હતી. આ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં વડગામ મામલતદાર આર.સી. ઠાકોર તથા તાલુકા વિકાસ અધિકારી એ.એચ. પરમાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનિય છે કે શ્રાવણ માસનો છેલ્લો દિવસ હોય ધોરી ગૃપ ગ્રામ પંચાયત સરપંચ તથા ભાજપ યુવામોરચા મહામંત્રી શ્રવણસિહ ડાભી દ્વારા શાળામાં પ્રીતિ ભોજન અપાયું હતું. આ ગણિત વિજ્ઞાન પ્રદર્શન કાર્યક્રમને સફળ બનાવવા માટે મુમનવાસ સી.આર.સી. ધોરી શાળા પરિવારે વિશેષ જહેમત ઉઠાવી હતી.

## ૧૯૦ કરતા વધારે કંપનીઓએ ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફોટો વિડિઓ ટ્રેડ ફેરની ૧૦મી આવૃત્તિમાં ભાગ લીધો

ફોટોગ્રાફર્સ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી એસોસિએશન (સીજીપીટીઆઈ) એ સૌથી વિશ્વાસપાત્ર વેપાર મેળો હોવાને કારણે ફોટોગ્રાફરોને ઉત્પાદનો અને સેવાઓ પ્રત્યે જાગૃત કરવા, ઉદ્યોગના નવા જ્ઞાન સાથે તેને અપડેટ કરવા માટે ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફોટો વીડિયો ટ્રેડ ફેરની ૧૦મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં કેનન, નિકોન, ફુજિફિલ્મ, સોની, પેનાસોનિક અને અન્ય મોટી કંપનીઓએ ભાગ લીધો હતો. આ ઈવેન્ટ ૩૦મી ઓગસ્ટથી ૧લી સપ્ટેમ્બર સુધી મહાત્મા મંદિર ખાતે યોજાયો છે. આ પ્રવૃત્તિમાંથી વધારાના ભંડોળની રકમનો ઉપયોગ ફોટોગ્રાફરોના કલ્યાણ માટે કરવામાં આવશે જેમ કે શિક્ષણ આપવું, સર્જનાત્મક અને લાઈવ વર્કશોપનું આયોજન કરવું અને ગુજરાતના ફોટોગ્રાફરોની કુશળતા વધારવા વિશે વધુ માહિતી મેળવવી.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ્ય ફોટોગ્રાફીમાં રસ ધરાવતા લોકોને નવી ટેક્નોલોજી અને નવા જ્ઞાનથી અવગત કરવાનો હતો. જેમાં દર વર્ષે આશરે ૪૦૦૦૦ થી ૫૦૦૦૦ લોકો આ ફેરની મુલાકાત લેતા હોય છે. આ ફેરમાં જાણીતી કંપનીઓ પોતાની નવી ટેક્નોલોજીનું પ્રદર્શન કરતા હોય છે જેથી રસ ધરાવતા લોકો સુધી તે પહોંચી શકે.

"આ કાર્યક્રમ યોજવાનો અમારો મુખ્ય ઉદ્દેશ હતો કે ગુજરાતના લોકોને ગુજરાતમાં જ એક સારૂ પ્લેટફોર્મ મળી રહે. શરૂઆતમાં આવા ફોટોવીડિઓ ટ્રેડ ફેરનું આયોજન માત્ર જર્મનીમાં જ થતું હતું, જેથી કરીને માત્ર અમુક જ લોકો ત્યાં જઈને ભાગ લઈ શકતા હતા. સાથે જ ત્યાં જઈને પણ ભાષાના કારણે એક મર્યાદા હતી. ત્યાર પછી ૨૦ વર્ષ પેહલા મુંબઈમાં ટ્રેડ ફેરની શરૂઆત થઈ હતી, પરંતુ ત્યાં પણ બધા જ રસ ધરાવતા લોકો પહોંચી નહોતા શકતા. એટલા માટે ૨૦૦૯માં અમે ગુજરાતમાં આ ટ્રેડ ફેરનું આયોજન ચાલુ કર્યુ અને ૧, ૨ વર્ષમાં અમને સારો પ્રતિસાદ મળતા અમે આજ સુધી આ ટ્રેડ ફેરનું આયોજન ચાલુ રાખ્યું છે.



**ધનસુરાની એસીઈ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ગણેશજીની ઈકોફ્રેન્ડલી મૂર્તિઓ બનાવાઈ**

બાળકો તહેવારોનું મહત્વ જાણે તે માટે સ્કૂલોમાં વિવિધ તહેવારોની ઉજવણી કરવામાં આવતી હોય છે. ત્યારે ધનસુરાની એસીઈ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ગણેશચતુર્થી નિમિત્તે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકો ઘરેથી ગણેશભગવાનની મૂર્તિ બનાવી ડેકોરેટ કરી લાવ્યા હતા. બાળકોએ સુંદર રીતે ભગવાનની મૂર્તિ બનાવી ડેકોરેટ કરી હતી. સ્કૂલના આચાર્ય રાજકુમારી રાઠોડ અને સ્કૂલના શિક્ષકોએ કાર્યક્રમમાં બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.